ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૫.૦૯.૨૦૧૮

------------------

# ભગવતીકુમાર શર્માને શ્રધ્ધાંજલી પાઠવતાં ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ

------------------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે વિખ્યાત સાહિત્યકાર અને પત્રકાર શ્રી ભગવતીકુમાર શર્માના નિધન પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તેઓ ઓજસ્વી સાહિત્યના સર્જક અને સાંપ્રત પ્રવાહોને પત્રકારની કલમે સમાજ સામે મુકનાર, મન-વચન અને કર્મના એકત્વના આરાધક ગુજરાતી સાહિત્ય અને પત્રકાર જગતના વિરલ વ્યક્તિ હતા. તેમના અવસાનથી ગુજરાત અને ગુજરાતી ભાષાએ એક ઉપાસક ગુમાવ્યા છે.

દાયકાઓ સુધી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે પ્રદાન કરનાર તથા નવીન પેઢીને માર્ગદર્શિત કરનાર શ્રી શર્માએ સમાજ જીવનને તેમના કર્તૃત્વથી સિંચ્યું છે. તેમના અવસાનથી સાહિત્ય જગતને પુરી ન શકાય તેવી ખોટ પડી છે.

શ્રી શાહે તેમના પરિવારજનોને સાંત્વના પાઠવતા પ્રભુ સદ્ગતના આત્માને ચીર શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૦૫.૦૯.૨૦૧૮

-----------------

**ભાજપા જે કહે છે તે કરીને બતાવે છે જ્યારે, કોંગ્રેસના ચાવવાના અને દેખાડવાના હંમેશા જુદા રહ્યા છે**
**- શ્રી ભૂપેન્દ્ર યાદવ**

-----------------

**દુર્ભાગ્યપૂર્ણ છે કે, કોંગ્રેસ દ્વારા ગુજરાતને બદનામ કરવા માટે જાણીજોઇને નકારાત્મક બાબતો ફેલાવવામાં આવે છે. કોંગ્રેસે હંમેશા વર્ગવિગ્રહ, જાતિવાદ અને વંશવાદની રાજનીતિ દ્વારા દેશને નુકશાન જ પહોચાડ્યુ છે.**
**- શ્રી ભૂપેન્દ્ર યાદવ**

-----------------

**ભાજપાના શાસનમાં ગુજરાતના ખેડૂતો વધુને વધુ સમૃધ્ધ બન્યા છે અને ખેતઉત્પાદનમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય બન્યુ છે. - શ્રી ભૂપેન્દ્ર યાદવ**

-----------------

રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવે મીડિયાના મિત્રો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે, દુર્ભાગ્યપૂર્ણ છે કે કોંગ્રેસ દ્વારા ગુજરાતને બદનામ કરવા માટે જાણીજોઇને નકારાત્મક બાબતો ફેલાવવામાં આવે છે. કોંગ્રેસે હંમેશા વર્ગવિગ્રહ, જાતિવાદ અને વંશવાદની રાજનીતિ દ્વારા દેશને નુકશાન જ પહોચાડ્યુ છે. કોંગ્રેસ જે રાજ્યોમાં સત્તા પર હતી ત્યાં હાર્યા પછી ફરીથી ક્યારેય સત્તા પર આવી નથી. જેમ કે, ઉત્તરપ્રદેશ, પશ્ચિમબંગાળ, ગુજરાત, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને છત્તીશગઢ જેવા રાજ્યોમાં કોંગ્રેસને ક્યારેય પ્રજાના આશીર્વાદ પુનઃ પ્રાપ્ત થયા નથી. જ્યારે ભાજપાની જે રાજ્યોમાં સરકાર બની છે ત્યાં લોકકલ્યાણકારી નીતિઓ અને સુશાસનને લીધે ફરીથી જનતાએ ભાજપાને સત્તાના સુકાન સોંપ્યા છે. જે દર્શાવે છે કે, ભાજપા જે કહે છે તે કરીને બતાવે છે જ્યારે, કોંગ્રેસના ચાવવાના અને દેખાડવાના હંમેશા જુદા રહ્યા છે.

શ્રી યાદવે વધુમાં જણાવ્યુ હતુ કે, આજે ગુજરાતમાં કોંગ્રેસના લોકો કર્ણાટકનું ઉદાહરણ આપીને ખેડૂતોના નામે ધરણા કરે છે. કોંગ્રેસની સરકારમાં કર્ણાટકનો કૃષિ વિકાસદર ક્યારેય બે આંકડાએ પહોચ્યો નથી. જ્યારે, ગુજરાતમાં છેલ્લા બે દાયકાઓથી કૃષિ વિકાસદર બે આંકડાઓ ઉપર છે. કોંગ્રેસ શાસિત કોઇપણ રાજ્યોમાં કૃષિ વિકાસદર બે આંકડાએ પહોચ્યો નથી. ભાજપાના શાસનમાં ગુજરાતના ખેડૂતો વધુને વધુ સમૃધ્ધ બન્યા છે અને ખેતઉત્પાદનમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય બન્યુ છે.

શ્રી યાદવે જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ગામ, ગરીબ, ખેડૂત, યુવાન, મહિલા તથા દલીત, શોષીત એમ સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા છેવાડાના માનવીને મુખ્યધારામાં જોડવાનું ભગીરથ કાર્ય થઇ રહ્યુ છે. દેશમાં ખેતપેદાશોના ભાવોમાં ડોઢ ગણો વધારો, ૨૬ કરોડ જનધન ખાતા, પોસ્ટબેંક, ૧૦ કરોડ ગરીબ લોકો માટે આયુષ્યમાન યોજના જેવી અનેક પ્રજાકલ્યાણકારી યોજનાઓ દ્વારા જનવિકાસની આ યાત્રા નિરંતર ચાલતી રહેશે. આવનારી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ ગુજરાતની તમામ ૨૬ બેકઠો પર વિજય મેળવીને પ્રજાના આશીર્વાદ ભાજપાને મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૫.૦૯.૨૦૧૮

------------------

**કોંગ્રેસ ગુજરાત વિરોધી ટોળુ એકત્રિત કરીને અનામતના નામે ગુજરાતમાં અશાંતિ અને અરાજકતા ફેલાવવા માંગે છે**

------------------

**અનામતના નામે પોતાના રાજકીય રોટલા શેકવા માંગતા લોકો ભલા ભોળા સમાજને છેતરવાનું બંધ કરે.**

------------------

**સત્યનો એક અંશ પણ બચ્યો હોય તો રાહુલ ગાંધી ખુલ્લા પત્રમાં જાહેર કરે કે ઓબીસીમાંથી પાટીદારોને અનામત આપીશું. - શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

**અનામતની વાતો કરનારા માત્ર કોંગ્રેસના એજન્ટ છે અને કોંગ્રેસ પોતાનો રાજકીય મનસુબો પાર પાડવા માટે આવા ષડયંત્રો કરી રહી છે. - શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

**ગુજરાતની શાંતિપ્રિય જનતા કોંગ્રેસના આ ષડયંત્રને ક્યારેય સફળ થવા દેશે નહી. - શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ ગુજરાત વિરોધી ટોળુ એકત્રિત કરીને અનામતના નામે ગુજરાતમાં અશાંતિ અને અરાજકતા ફેલાવવા માંગે છે પરંતુ, ગુજરાતની શાંતિપ્રિય જનતા કોંગ્રેસના આ ષડયંત્રને ક્યારેય સફળ થવા દેશે નહી. ભૂતકાળમાં જે લોકો એવું કહેતા હતા કે, ઓબીસીમાંથી જ અનામત મળશે તો જ અમે સ્વીકારીશું. તેને બદલે હવે આજ લોકો અનામતનો "અ" પણ ઉચ્ચારતા નથી. અનામતના નામે પોતાના રાજકીય રોટલા શેકવા માંગતા લોકો ભલા ભોળા સમાજને છેતરવાનું બંધ કરે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ દ્વારા મહામહીમ રાજ્યપાલને અપાયેલા આઠ પાનાના આવેદનપત્રમાં પણ ક્યાંય અનામતનો ઉલ્લેખ કર્યો નથી. વિધાનસભા ચૂંટણી વખતે કોંગ્રેસે તૈયાર કરેલી અનામતની ફોર્મ્યુલા હજુ સુધી શા માટે કોંગ્રેસ જાહેર કરતી નથી. કોંગ્રેસને કહેવા માંગુ છુ કે, તમારા જો સત્યનો એક અંશ પણ બચ્યો હોય તો રાહુલ ગાંધી ખુલ્લા પત્રમાં જાહેર કરે કે ઓબીસીમાંથી પાટીદારોને અનામત આપીશું. ચૂંટણી વખતે રાહુલ ગાંધીને ખાનગીમાં મળવું, કોંગ્રેસમાં ટિકિટોની વહેંચણી પોતે કરી હોય તેવું જાહેરમાં બોલવું તથા કોંગ્રેસના નેતાઓ અને ધારાસભ્યોને સાથે રાખવા તે દર્શાવે છે કે, અનામતની વાતો કરનારા માત્ર કોંગ્રેસના એજન્ટ છે અને કોંગ્રેસ પોતાનો રાજકીય મનસુબો પાર પાડવા માટે આવા ષડયંત્રો કરી રહી છે.

ભાજપાએ બીનઅનામત વર્ગ આયોગ/નિગમ, યુવા સ્વાવલંબન યોજના તથા ૧૦ ટકા ઈબીસીની જાહેરાતો દ્વારા સવર્ણ સમાજ માટે મહત્વના પગલાઓ લીધા છે. કોંગ્રેસ શાસિત એકપણ રાજ્યમાં આ પ્રકારની કોઈ વ્યવસ્થા હોય તો જાહેર કરે. કોંગ્રેસ અને તેના મળતીયાઓને મારી વિનંતી છે કે, ગુજરાતની શાંતિ ડહોળવાના હીન કૃત્યો બંધ કરે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકાર તથા ગુજરાતની ભાજપા સરકારે ખેડૂતો માટે અનેક હિતકારી નિર્ણયો લીધા છે. ગુજરાત સૌથી વધારે ખેતી પર ખર્ચ કરતું રાજ્ય છે. ગુજરાતના બજેટમાં પણ ૩૦ હજાર કરોડથી વધારે રકમની જોગવાઇ કૃષિ ક્ષેત્ર માટે કરવામાં આવી છે. ગુજરાત સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓના કારણે છેલ્લા બે દાયકાઓથી ગુજરાતનો કૃષિ વિકાસદર બે આંકડાએ રહ્યો છે. કૃષિ ઉત્પાદનમાં પણ ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય બન્યુ છે. ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે લોન, ડ્રીપ ઈરીગેશન તથા ખેત ઓજારો માટે ૫૦ થી લઇ ૮૫ ટકા સુધી સબસીડી, વ્યાજબી ભાવે ખાતર તથા બીયારણ આપવાનું કામ કર્યુ છે તથા નર્મદા કેનાલ, સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના દ્વારા ખેતરે - ખેતરે પાણી પ્હોચાડવાનું કામ ભાજપા સરકારે કર્યુ છે જેને પરિણામે ગુજરાતનો ખેડૂત સુખી અને સમૃધ્ધ બન્યો છે. ગુજરાતના ખેડૂતોના આશીર્વાદ અને લોકકલ્યાણકારી-ખેડૂતહિતલક્ષી યોજનાઓ થકી જ સતત છઠ્ઠી વખત ગુજરાતમાં ભાજપાને જનાધાર પ્રાપ્ત થયો છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૦૫.૦૯.૨૦૧૮

-------------------

**સાહિત્યકાર અને પત્રકાર સ્વર્ગસ્થ શ્રી ભગવતીકુમાર શર્માને શ્રધ્ધાંજલી પાઠવતાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

ગુજરાતી ભાષાના સાહિત્યકાર અને પત્રકાર સ્વ. શ્રી ભગવતીકુમાર શર્માને પ્રદેશ ભાજપા વતી શ્રદ્ધાંજલી આપતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભગવતીકુમાર શર્મા ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર હતાતેમણે નવલકથા ., ટૂંકી વાર્તાઓ, કવિતાઓ અને વિવેચન ક્ષેત્રે ઉમદા કાર્ય કર્યું છે. સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રમાં તેમની સુદિર્ઘ યાત્રા દરમ્યાન તેમણે અમુલ્ય પ્રદાન કર્યુ છે. નવલકથા ક્ષેત્રમાં તેમના સર્જન 'અસુર્યલોક', 'ઉધર્વમૂલ' અને **'સમયદ્વિપ'** સીમાચિન્હરૂપ છે. તે દ્વારા સમાજ જીવનના આંતરપ્રવાહોના આયામને તેમણે સહજતાથી ઉજાગર કર્યા છે.

સ્વર્ગસ્થશ્રીના અવસાનથી તેમના પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા. ૦૫.૦૯.૨૦૧૮

------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવની વિશેષ ઉપસ્થિતિમાં આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે લોકસભા ચૂંટણી સંદર્ભે વિવિધ બેઠકો યોજાઇ**

------------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબાર યાદી જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવની વિશેષ ઉપસ્થિતિમાં આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે લોકસભા ચૂંટણી આયોજન સમિતિની બેઠક, લોકસભા બેઠકના યુવા પ્રભારીઓની બેઠક તેમજ મીડિયા અને સોશીયલ મીડિયા વિભાગની બેઠક યોજાઇ હતી.

આગામી લોકસભા ૨૦૧૯ની ચૂંટણી માટેની રણનીતિ તૈયાર કરવાના ભાગરૂપે યોજાયેલ આ બેઠકોમાં લોકસભા બેઠકોના પ્રભારીઓની તેમને સોંપેલા વિસ્તારોમાં બૂથસઃ બેઠકો, કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વધુને વધુ લોકો સુધી પહોચાડવા માટેનું આયોજન તથા વિવિધ સંગઠનાત્મક બાબતો પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ